**સુરતના ૧૩માં એડિ.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની ની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં. ૮૬૪૮૬/૨૦૨૩**
**આંક –૯**

**–// ચુકાદો //–**

આ કામે આરોપી સામે ઈ.પી.કો.કલમ–૨૭૯ તથા એમ.વી.એકટની કલમ–૧૮૪ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. આ કામે આરોપીની ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી.એકટ મુજબની પ્લી નોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આંક–થી આપેલ છે. વધુમાં આરોપીએ અલગથી કબુલાત પુરસીસ આંક– રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે. જે રેકર્ડ કરી સદર આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારવા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપીની કબુલાત પુરસીસ તથા તેની મૌખિક દલીલો ધ્યાને લેતાં તથા ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમાં સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**–ઃ હુકમ ઃ–**

આ કામના આરોપી– કલ્લુ પરથિંગને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૨૦૦/– (અંકે રૂપિયા બસૌ પુરા)નો દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૯ મી માર્ચ સને ૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીંટીગમાં વાંચી સંભળાવી જાહેર કયો

તા. ૦૯/૦૩/૨૦૨૪
સ્થળ: સુરત

(ઓમદેવસિંહ.બી.ગોહિલ)
એડી.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,સુરત
કોડ નં. જીજે–૦૧૭૧૭.

આરોપીઓ રસીદ નંબર: ..................
થી દંડ ભરેલ છે.

આસીસ્ટન્ટ
૧૩માં એડી.સીવીલ જજ